# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે મોરેશિયસ ના પ્રધાનમંત્રીના નેતૃત્વમાં બંન્ને દેશના દ્વિપક્ષીય સંબંધ વધુ મજબૂત બનશે
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ડ્રગ્સની સમસ્યાનો સામનો કરવા કેન્દ્ર અને રાજ્યોને સાથે મળીને કામ કરવા હાકલ કરી
3) વર્ષ 2025-26માં ખાદ્યાન્ન ઉત્પાદનનો રાષ્ટ્રીય લક્ષ્યાંક 362.50 મિલિયન ટન નક્કી કરાયો
4) ભારત કૂલિંગ એક્શન પ્લાન લાગુ કરનાર વિશ્વના પ્રથમ દેશોમાંનો એક બન્યો
5) એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં અબુધાબી ખાતે બાંગ્લાદેશ અફઘાનિસ્તાન સાથે ટકરાશે

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. PREZ- MAURITIUS PM

મોરેશિયસના પ્રધાનમંત્રી ડો. નવીનચંદ્ર રામગુલામે આજે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રી અને તેમના પ્રતિનિધિમંડળનું સ્વાગત કરતા રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતની પાડોશી પ્રથમ નીતિ, મહાસાગર વિઝન અને ગ્લોબલ સાઉથના દેશો પ્રત્યેની પ્રતિબદ્ધતામાં મોરેશિયસનું વિશેષ સ્થાન છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે બંને દેશો વચ્ચે ભાગીદારી અને સહયોગ સતત વધી રહ્યો છે અને વ્યૂહાત્મક ભાગીદારીમાં વધારો થયો છે.

શ્રીમતી મુર્મુએ મોરેશિયસની વિકાસલક્ષી પ્રાથમિકતાઓને ભારતના સમર્થન પર ખુશી વ્યક્ત કરી અને ભારત દ્વારા આપવામાં આવેલા નવા વિશેષ પેકેજને મોરેશિયસની જરૂરિયાતોને પૂર્ણ કરવા સક્ષમ ગણાવ્યું. તેમણે કહ્યું કે હોસ્પિટલો , રસ્તાઓ, બંદરો, વિકાસ પ્રોજેક્ટ્સ, સંરક્ષણ ખરીદી અને સંયુક્ત દેખરેખના ક્ષેત્રમાં સહયોગ માળખાગત સુવિધાને મજબૂત બનાવશે , જેનો ભવિષ્યમાં લોકો પર સકારાત્મક પ્રભાવ પડશે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે દ્વિપક્ષીય સહયોગ હવે ડિજિટલ ટેકનોલોજી અને અવકાશના ક્ષેત્રોમાં પણ આગળ વધી રહ્યો છે. રાષ્ટ્રપતિએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે પ્રધાનમંત્રી રામગુલામના નેતૃત્વમાં ભારત અને મોરેશિયસ વચ્ચે દ્વિપક્ષીય સંબંધો આગામી સમયમાં વધુ મજબૂત બનશે.

પ્રધાનમંત્રી રામગુલામની આઠ દિવસની ભારત મુલાકાત આજે પૂર્ણ થઈ. આ મુલાકાત દરમિયાન તેમણે વારાણસી , મુંબઈ, અયોધ્યા અને તિરુપતિની પણ મુલાકાત લીધી.

. . . . .

# REV DAY SHAH – DRUGS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નશીલા પદાર્થ વિરોધી કાર્યદળના વડાઓના બીજા રાષ્ટ્રીય સંમેલનનું ઉદ્ઘાટન કર્યું. બે દિવસીય આ પરિષદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દેશને ડ્રગ્સ મુક્ત બનાવવાના સંકલ્પને મજબૂત બનાવશે અને આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે રોડમેપ બનાવવા એક મંચ પૂરું પાડશે.

શ્રી શાહે કહ્યું કે ડ્રગ્સ મુક્ત ભારત અભિયાન હાલમાં દેશભરના 372 જિલ્લાઓમાં ચલાવવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે 10 કરોડ લોકો અને ત્રણ લાખ શૈક્ષણિક સંસ્થાઓ આ અભિયાન સાથે સંકળાયેલી છે. શ્રી શાહે કહ્યું કે આ અભિયાન દેશના દરેક જિલ્લામાં ચલાવવું જોઈએ અને બધી શૈક્ષણિક સંસ્થાઓએ તેમાં જોડાવું જોઈએ. તેમણે કહ્યું કે ડ્રગ્સ સામેની લડાઈ ત્યારે જ સફળ થઈ શકે છે જ્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારના તમામ વિભાગો એક દિશામાં સાથે મળીને કામ કરે.

(બાઇટ – અમિત શાહ)

આ પ્રસંગે શ્રી શાહે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના વાર્ષિક અહેવાલ 2024નું વિમોચન કર્યું અને ઓનલાઈન ડ્રગ્સ નિવારણ અભિયાન પણ શરૂ કર્યું. પરિષદ દરમિયાન આઠ ટેકનિકલ સત્રોનું આયોજન કરવામાં આવશે. આ પરિષદનો વિષય છે - સંયુક્ત સંકલ્પ, સહિયારી જવાબદારી.

. . . . . . . . . . . .

# NADDA-MEDTECH FORUM

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે જણાવ્યું હતું કે મેડિકલ ટેકનોલોજી ક્ષેત્ર - મેડટેક ભારતમાં આરોગ્યસંભાળ ક્ષેત્રમાં પરિવર્તનનો મુખ્ય આધારસ્તંભ છે. શ્રી નડ્ડાએ ૧૧મા એશિયા પેસિફિક મેડટેક ફોરમ 2025 ના ઉદઘાટન સત્રને વર્ચ્યુઅલી સંબોધન કરતી વખતે આ મુજબ જણાવ્યું હતું. તેમણે આ ક્ષેત્રના વ્યાપક તકો અંગે પ્રકાશ પાડ્યો જેમાં ડાયગ્નોસ્ટિક્સ , અદ્યતન ઉપકરણો, ડિજિટલ આરોગ્ય અને AI-સંચાલિત ઉકેલોનો સમાવેશ થાય છે જેથી આરોગ્યસંભાળને વધુ સુલભ, કાર્યક્ષમ અને સસ્તું બનાવી શકાય.

આરોગ્ય રાજ્ય મંત્રી અનુપ્રિયા પટેલે ભારતના મેડટેક અને તબીબી ઉપકરણો ક્ષેત્રને મજબૂત બનાવવા માટે લેવામાં આવેલી અનેક મુખ્ય સરકારી પહેલોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે તબીબી ઉપકરણોમાં 100 ટકા FDI સહિત સરકારની રોકાણકાર-મૈત્રીપૂર્ણ નીતિઓ અંગે પણ વાત કરી.

. . . . . .

# SHIVRAJ-RABI CAMPAIGN

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જાહેરાત કરી છે કે રવી સિઝન 2025-26 માટે ખાદ્યાન્ન ઉત્પાદનનો રાષ્ટ્રીય લક્ષ્યાંક 362.50 મિલિયન ટન નક્કી કરાયો છે. શ્રી ચૌહાણે રાષ્ટ્રીય કૃષિ પરિષદ - રવી અભિયાન 2025 દરમિયાન રાજ્યોના કૃષિ મંત્રીઓ સાથે ચર્ચાની અધ્યક્ષતા કર્યા બાદ નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી.

(બાઇટ – શિવરાજસિંહ ચૌહાણ)

શ્રી ચૌહાણે માહિતી આપી હતી કે આ વર્ષનો લક્ષ્યાંક 2024-25માં પ્રાપ્ત થયેલા ખાદ્યાન્ન ઉત્પાદન કરતા 2.4 ટકા વધુ છે. તેમણે ખાતરી આપી હતી કે દેશની જરૂરિયાતોને પૂર્ણ કરવા પૂરતા પ્રમાણમાં બીજનો જથ્થો ઉપલબ્ધ છે. મંત્રીએ ભાર મૂક્યો હતો કે પરિષદની વિષય વસ્તુ , "એક રાષ્ટ્ર, એક કૃષિ, એક ટીમ", કૃષિ ક્ષેત્રમાં સંકલન અને ભાગીદારીને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે.

. . . . . . . .

# MANDAVIYA - MOU

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું છે કે દેશ શ્રમ બજારની કાર્યક્ષમતા અને શ્રમિકોના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે ડિજિટલ નવીનતાનો લાભ લેવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સરકાર અને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન વચ્ચેના સમજૂતી કરાર પર હસ્તાક્ષર પ્રસંગે બોલતા , શ્રી માંડવિયાએ કહ્યું કે આ સહયોગ યુવાનોને વૈશ્વિક રોજગાર તકોનો લાભ લેવામાં મદદ કરશે. તેમણે કહ્યું કે આ સમજૂતી કરાર દેશના કામદારોને વૈશ્વિક બજારમાં એકીકૃત થવામાં પણ મદદ કરશે.

શ્રી માંડવિયાએ કહ્યું કે આ ભાગીદારી કાર્યક્ષેત્રમાં ઝડપી પરિવર્તનના યુગમાં ભવિષ્યને આકાર આપવાના સહિયારા સંકલ્પને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય સંદર્ભ વર્ગીકરણ ડેટાની તુલનાત્મકતા વધારશે અને કૌશલ્યની સાતત્યતાને પણ પ્રોત્સાહન આપશે. આ પહેલનો હેતુ ભારતીય સ્નાતકોની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવાનો છે. આ સમજૂતી કરાર દેશને ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષણ અને કૌશલ્ય વિકાસ માટે આંતરરાષ્ટ્રીય કેન્દ્ર તરીકે ઉભરી આવવામાં મદદ કરશે.

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . .

# OZONE DAY EVENT

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે આજે જણાવ્યું હતું કે ભારત કૂલિંગ એક્શન પ્લાન લાગુ કરનાર વિશ્વના પ્રથમ દેશોમાંનો એક બની ગયો છે. નવી દિલ્હીમાં 31મા વિશ્વ ઓઝોન દિવસના કાર્યક્રમ દરમિયાન તેમના વિડીયો સંદેશમાં, શ્રી યાદવે માહિતી આપી હતી કે ભારત હાઇડ્રોફ્લોરોકાર્બનનું ઉત્પાદન અને ઉપયોગ 67.5 ટકા ઘટાડવામાં સફળ રહ્યું છે.

મંત્રાલયના સચિવ તન્મય કુમારે જણાવ્યું હતું કે લોકોએ બિનજરૂરી વપરાશથી દૂર રહેવું જોઈએ અને સંસાધનોના યોગ્ય ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે માહિતી આપી હતી કે પર્યાવરણ મંત્રાલય, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના સહયોગથી, 120 ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને આધુનિક તાલીમ સાધનો પૂરા પાડશે જેથી વિદ્યાર્થીઓને આ ક્ષેત્રના પડકારો માટે તૈયાર કરી શકાય. વિજ્ઞાનથી વૈશ્વિક કાર્યવાહી સુધીની થીમ પર આધારિત, આ કાર્યક્રમમાં દેશભરના વિદ્યાર્થીઓ અને પ્રતિનિધિઓ એકત્ર થયા હતા.

. . . . . . . . . . . . .

# GST REFORMS- TRACTORS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લાની પ્રાચીર પરથી આગામી પેઢી માટે GST સુધારાઓની જાહેરાત કરી હતી. લોકોનું જીવન સરળ બનાવવા માટે ત્રીજી સપ્ટેમ્બરના રોજ GST કાઉન્સિલે ઘણા ક્ષેત્રોમાં કર દર ઘટાડવાનો નિર્ણય લીધો. કૃષિ ક્ષેત્ર માટે ખાસ કરીને ટ્રેક્ટર પર GST દરોમાં કરવામાં આવેલા સુધારાઓ અંગે એક અહેવાલ સાંભળીએ..

**(બાઇટ – સૌમ્યા)**

. . . .

# MORN. ASIA CUP CRICKET

એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં અબુ ધાબી ખાતે આજે રાત્રે આઠ વાગે બાંગ્લાદેશનો મુકાબલો અફઘાનિસ્તાન સામે થશે. જ્યારે શ્રીલંકાએ ગઈકાલે રાત્રે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ગ્રુપ બીના મુકાબલામાં હોંગકોંગને ચાર વિકેટથી હરાવ્યું. હોંગકોંગ દ્વારા આપવામાં આવેલા 150 રનના લક્ષ્યનો પીછો કરતા, શ્રીલંકાએ સાત બોલ બાકી રહેતા 6 વિકેટે 153 રન બનાવ્યા. શ્રીલંકા માટે, પથુમ નિસાન્કાએ 48 બોલમાં 68 રન બનાવ્યા અને તેમને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. અગાઉ , શ્રીલંકાએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. હોંગકોંગે નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટે 149 રન બનાવ્યા.

અબુ ધાબીના ઝાયેદ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ગઈકાલે રાત્રે રમાયેલી બીજી મેચમાં, યુએઈએ ગ્રુપ એમાં ઓમાનને 42 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા , યુએઈએ નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 172 રન બનાવ્યા. જવાબમાં , ઓમાન ટીમ 184 ઓવરમાં 130 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ.

. . . . . . . .